# ખેતીની વાત

**Kheti Ni Vat** ખેતી - જીવનનો આધાર **Monthly**

January 2012 • Year - 2 • Issue - 3 • Page - 68 ₹ 25/-

|| कृषिमूलम् जगत् सर्वम् ||

## કૃષિ, કૃષિ શિક્ષણ અને કૃષકોના વિકાસ માટે સતત કાર્યરત કૃષિતીર્થ

# જુનાગઢ કૃષિ યુનિવર્સિટી




**infocom World**
THE FOURTH DIMENSION

- કૃષિ મહોત્સવથી બદલાયું કૃષિક્ષેત્રનું કલેવર
- મુલાકાત : કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ
- પાક ઉત્પાદનમાં જૈવિક ખાતરોનું મહત્વ




## કૃષિ, કૃષિ શિક્ષણ અને કૃષકનાં વિકાસ માટે સતત કાર્યરત કૃષિતીર્થ

# જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

**કોઈપણ દેશના વિકાસની ઈમારત કૃષિ ક્ષેત્રના પાયા ઉપર રચાયેલી હોવી જરૂરી છે. જે દેશનો પાયો કૃષિ છે તે દેશને કુદરતી આફતોની પણ બહુ અસર થતી નથી. ભારતના ૬૫ ટકા લોકો આજે પણ કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. આઝાદી પછી આપણા દેશે વ્યાપારિક, ઔદ્યોગિક, સામાજીક, સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસ કર્યો તેની સાથે કૃષિ ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ કર્યો. દેશના વિકાસમાં ગુજરાતનો હિસ્સો નોંધપાત્ર છે. વિવિધ પાકો અને ઉત્પાદનો જેવા કે મીઠું ૭૦ ટકા, મગફળી ૩૦ ટકા, કપાસ ૪૦ ટકા, ટેક્ષટાઈલ્સ ૨૫ ટકા, કેમીકલ્સ ૨૯ ટકા અને દવાઓમાં ૪૫ ટકા તથા નિકાસમાં ૨૨ ટકાનો હિસ્સો ગુજરાત ધરાવે છે. તો વળી, સોડા એશમાં તો ૯૫ ટકા અને હિરા પ્રોસેસીંગમાં ૮૦ ટકાનો હિસ્સો ગુજરાતનો છે. આને લીધે ગુજરાતનો વિકાસ દર ઉત્તરોતર વધતો રહ્યો છે. વળી, છેલ્લા ૧૦ વર્ષમાં કૃષિક્ષેત્રનો વિકાસ દર પણ ઉત્તરોત્તર વધ્યો છે. જે ગત વર્ષે ૧૬.૬૩ ટકાએ પહોંચેલો. ગુજરાતના કૃષિ વિકાસમાં સૌરાષ્ટ્ર વિસ્તારનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. તેમાં પણ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું ખૂબ મોટું યોગદાન છે. ચાલો, આપણે પણ આ કૃષિ તીર્થ વિશે જાણીએ...**

રાજ્યની પ્રથમ કૃષિ મહાવિદ્યાલય આણંદ ખાતે શરૂ થઇ, ત્યારપછી રાજ્યની બીજી કૃષિ મહાવિદ્યાલય જુનાગઢ ખાતે જૂન ૧૯૬૦ માં શરૂ થઇ તે વખતે આ કોલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી. ૧૯૬૮ માં આ કોલેજને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડવામાં આવી. આમ, જુનાગઢની કૃષિ મહાવિદ્યાલયએ સૌરાષ્ટ્રની પ્રથમ અને રાજ્યની બીજી કૃષિ મહાવિદ્યાલય બની. વર્ષ ૧૯૭૨ માં રાજ્યમાં અલગ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરાઇ. વર્ષ ૨૦૦૪ માં રાજ્ય સરકારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ચાર કૃષિ યુનિવર્સિટીમાં વિભાજીત કરી અને તે હિસાબે જુનાગઢ કૃષિ કેમ્પસને યુનિવર્સિટીનો અલગ દરજ્જો અપાયો. આજે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હેઠળ જુનાગઢ ખાતે કૃષિ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી, પશુ ચિકિત્સા મહાવિદ્યાલય અને વેરાવળ ખાતે મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય કાર્યરત છે. તે ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટીટયુટ ઓફ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટનો એક વર્ષનો અભ્યાસક્રમ પણ જુનાગઢ ખાતે ચાલે છે. રાજ્ય સરકારે રાજ્યમાં કાર્યરત ૧૪ જેટલી કૃષિ શાળાઓને અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો. તે અંતર્ગત જુનાગઢ અને ધારી ખાતે ચાલતી કૃષિ શાળાઓને અનુક્રમે બાગાયત અને કૃષિ વિજ્ઞાન પોલીટેકનીકમાં પરિવર્તિત કરાઇ. તે ઉપરાંત જુનાગઢ ખાતે એગ્રો પ્રોસેસીંગ અને અમરેલી ખાતે ગૃહ વિજ્ઞાન પોલીટેકનીક કોલેજો પણ શરૂ કરાઇ. જ્યારે હળવદ ખાતેની કૃષિ શાળાનો બે વર્ષનો ડિપ્લોમાં અભ્યાસક્રમ ચાલુ રખાયો.

વિવિધ કોલેજોમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકો તેમજ કૃષિ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી તથા મત્સ્ય વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક અને પીએચ.ડી. સુધીના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરાઇ. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના પછી વિદ્યાર્થીઓ માટે શિક્ષણની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ઉત્તમ કક્ષાનું શૈક્ષણિક વાતાવરણ ઉભું કરાયું છે. કલાસરૂમ અને પ્રયોગશાળાને સુવિધા સભર અને અદ્યતન બનાવાયા છે. આનંદની વાત એ છે કે આ યુનિવર્સિટીની કોઇપણ વિદ્યાશાખાનો એક પણ સ્નાતક કે અનુસ્નાતક આજે બેરોજગાર નથી.

શિક્ષણને પ્રાધાન્ય આપવાની સાથે કૃષિ યુનિવર્સિટીએ કૃષિ સંશોધનને પણ અગ્રીમતા આપી. જેને લીધે વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૦-૧૧ માં પાક સુધારણા, પાક ઉત્પાદન, પાક સંરક્ષણ, બાગાયત, કૃષિ ઇજનેરી, મત્સ્ય વિજ્ઞાન, પશુ વિજ્ઞાન તથા મૂળભુત કૃષિ સંલગ્ન વિજ્ઞાનમાં કુલ ૨૭૦ જેટલી ખેડૂતોપયોગી સંશોધન ભલામણો કરાઇ છે. એટલું જ નહી મગફળી, રીંગણા, તલ, બાજરો, ઘઉં, લસણ, એરંડા, ચણા, ટમેટા, ભીંડો, સોયાબીન વગેરેની કુલ ૩૧ સુધારેલી જાતો શોધાઇ છે. તેમાં બાજરાની નવી છ જાતો અને મગફળીની સાત જાતોનો સમાવેશ થાય છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી પાસે વિવિધ કાર્યક્રમોના અમલીકરણ માટે કુલ-૩૦ સંશોધન કેન્દ્રો આવેલા છે. આ સંશોધન કેન્દ્રો ખાતે જે તે પાક અંગેનું વિવિધ વિષયક સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. મુખ્ય સંશોધન કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવેલ સંશોધન કાર્યની જે તે વિસ્તારના પેટા મથક-વ-પરિક્ષણ કેન્દ્રો ખાતે ચકાસણી કરવામાં આવે છે અને ત્યારબાદ જે તે પાકની જાતો તથા ખેતી પદ્ધતિઓ અંગેની ભલામણો રજુ કરીને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સમિતિ દ્વારા ખેડૂત સમુદાય માટે ભલામણ કરવામાં આવે છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી એ સૌરાષ્ટ્રના ખેડૂતો માટે મોસાળની જેમ ગણાય છે. વૈજ્ઞાનિક અભિગમ દ્વારા સારૂં ઉત્પાદન અને પોષણક્ષમ ભાવ મળે તે માટે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં અનાજ, કઠોળ, શાકભાજી અને ફળો સહિત નીચે મુજબ અનેક નવી હાઇબ્રીડ સહિતની જાતો બહાર પાડી છે.

**વર્ષ : ૨૦૦૪-૦૫**
મગફળી : જી.જી. - ૮, જી.જી. - ૧૬
ગલકાં : જી.એસ.જી. - ૧

**વર્ષ : ૨૦૦૫-૦૬**
રીંગણ : જે.બી.જી.આર. - ૧
તલ : ગુજરાત તલ - ૩
નાળીયેરી : હાઇબ્રીડ ટી × ડી (મહુવા)

**વર્ષ : ૨૦૦૬-૦૭**
બાજરી : જી.એચ.બી. - ૫૩૮, ૭૫૭
ઘઊં : જી.ડબલ્યુ - ૩૬૬
લસણ : જી.જી. - ૪
દિવેલા : જી.સી. - ૩
ભીંડા : જે.એન.ડી.ઓ.એલ. - ૦૩-૧

**વર્ષ : ૨૦૦૭-૦૮**
મગફળી : જી.જે.જી. - એચ.પી.એસ. - ૧
બાજરી : જી.એચ.બી. - ૭૧૯, ૭૪૪, ૭૩૨
ચણા : જી.જી. - ૩
ટમેટા : જુનાગઢ ટમેટા - ૩

**વર્ષ : ૨૦૦૮-૦૯**
ભીંડા : જી.જે.ઓ.એચ. - ૨
સીતાફળ : જી.જે.સી.એ. - ૧

**વર્ષ : ૨૦૦૯-૧૦**
મગફળી : જી.જે.જી. - ૯, ૩૧
રીંગણ : જી.જે.બી. - ૨
ભીંડા : જી.જે.ઓ. - ૩
તલ : ગુજરાત તલ - ૪

**વર્ષ : ૨૦૧૦-૧૧**
મગફળી : જી.જે.જી. - ૧૭, ૨૨
વાલોળ : જી.જે.આઇ.બી. - ૧૧
બાજરી : જી.એચ.બી. - ૭૩૨ (એન્ડોર્સ)
ભીંડા : જી.જે.ઓ.એચ. - ૩
સોયાબીન : જી.જે.એસ. - ૩

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું સંશોધન માળખું મુખ્યત્વે પાક ઉપર આધારીત છે. સૌરાષ્ટ્રને જુદા જુદા કૃષિ આબોહવાકીય વિભાગોમાં વહેંચીને દરેક વિભાગમાં જરૂરીયાત મુજબ વિવિધ પાકોની સુધારેલી નવી જાતો શોધી તેના માટની જુદી જુદી ખેત ઉત્પાદન પદ્ધતિઓ, રોગ-જીવાત નિયંત્રણ તથા તેના યોગ્ય વ્યવસ્થાપન દ્વારા કૃષિ પેદાશોનું ઉત્પાદન તથા તેની ઉત્પાદકતા વધારી ખેડૂતો



*ફૂડ ટેસ્ટીંગ લેબોરેટરીને જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં તાજમાં વિશેષ ચમકતો હીરો કહી શકાય. ખેતીનાં વિકાસ માટે અતિ મહત્વપૂર્ણ સંશોધનો અને પરિક્ષણો કરતી અહીંની વિશ્વસ્તરીય ફૂડ ટેસ્ટીંગ લેબોરેટરી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું આભૂષણ છે. તેમજ પાકનાં ડી.એન.એ. તેમજ બોગસ બીયારણ કે ખાતરની ફોરેન્સીક તપાસ સહિત ૪૦૦ થી વધુ પ્રકારનાં ટેસ્ટીંગ કરવાની સગવડતા અને સક્ષમતા છે. અહીં થયેલ ચકાસણીનાં પ્રમાણપત્રો વિદેશોમાં પણ માન્ય રહે તે માટે N.A.B.L. ની માન્યતા જરૂરી હોય છે. આ માન્યતા મેળવવા માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે.*

## કવર સ્ટોરી

તેમજ ગ્રામ્ય પ્રજાનું જીવનસ્તર ઉચું લાવવાના મુખ્ય ધ્યેય સાથે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી કાર્યરત છે.

પાક સુધારણા ક્ષેત્રે કૃષિ આબોહવાકીય વિભાગોને અનુલક્ષીને જુદા જુદા પાકોની સુધારેલી જાતો વિકસાવવામાં આવેલ છે. તેમજ પાણીની ખેંચથી બચી શકે તેવી વહેલી પાકતી જાતો વિકસાવવાના પ્રયત્નો કરવા ઉપરાંત પશુ વિજ્ઞાન, સુકી ખેતી, પિયત વ્યવસ્થા, જમીન વિજ્ઞાન, પાક સંરક્ષણ, કૃષિ ઇજનેરી, નિંદણ નિયંત્રણ અને મિશ્ર ખેતી જેવા જુદા જુદા વિષયો તેમજ અન્ય ખાસ વિષયો જેવા કે જૈવિક ખાતર, પેશીવર્ધન પદ્ધતિ, રીમોટ સેન્સીંગ, એગ્રો ફોરેસ્ટ્રી, પ્લાસ્ટીકલ્ચર, ગ્રાઉન્ડ વોટર યુટીલાઇઝેશન, પ્રોડક્શન ટેકનોલોજી ક્ષેત્રે પણ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવી રહ્યા છે. ઔષધિય છોડ જેવા કે સફેદ મુસળી, અજમા, લસણ અને વચ્છનાગમાં માઇક્રોપ્રોપેગેશન ટેકનીક દ્વારા સંશોધન હાથ ધરેલ છે. પશુવિજ્ઞાન ક્ષેત્રના સંશોધન કાર્યક્રમ હેઠળ જુનાગઢ ખાતે ગીર ગાયો અને જાફરાબાદી ભેંસોની શુદ્ધ ઓલાદોની જાળવણી અને આ ઓલાદોની ઉત્પાદન ક્ષમતા વધારવા અંગેનું કાર્ય હાથ ધરવામાં આવેલ છે.



કૃષિક્ષેત્રે ક્રાંતિકારી કહી શકાય તેવું મીની ટ્રેકટરનું સંશોધન પણ સૌ પ્રથમ વખત જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં વિદ્યાર્થી દ્વારા વર્ષ ૧૯૯૪ થી ૧૯૯૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. ૬.૫ હોર્સપાવરનાં એન્જીન વડે ચાલતા આ સૌપ્રથમ ફોરવ્હીલર મીની ટ્રેકટર અહીંયા જ વિકસાવવામાં આવેલ.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની આ ઐતિહાસીક શોધે નાના ખેડૂતો માટે ટ્રેકટરનું સ્વપ્ન સાકાર કરી દીધું હતું. આ સંશોધનમાંથી પ્રેરણા લઇને અનેક ખાનગી ટ્રેકટર મેન્યુફેકચર્સ કંપનીઓએ વિવિધ સુધારા-વધારા સાથેના મીની ટ્રેકટર બજારમાં મૂકયા છે. (તસ્વીર પ્રતિકાત્મક છે.)



ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના સહયોગ દ્વારા અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજનાઓ હેઠળ ૭૫:૨૫ પ્રમાણેની નાણાંકીય સહાયવાળી યોજનાઓ દ્વારા મુખ્ય પાકો તેમજ સુકી ખેતી, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ખાતર વ્યવસ્થાપન, જળ વ્યવસ્થા, કૃષિ હવામાનશાસ્ત્રનું સંશોધન તેમજ ઇક્રીસેટ, ઇસરો, બાયોફર્ટીલાઇઝર અને જંતુનાશક દવાની કંપની જેવી સંસ્થાઓના સહયોગથી જુદા જુદા પાક પર સંશોધન અભ્યાસક્રમો હાથ ધરવામાં આવે છે.

સૌરાષ્ટ્રનું અર્થતંત્ર કૃષિ અને પશુપાલન આધારીત છે. તેને લીધે જ મગફળી, કપાસ, બાજરી, એરંડા, ઘઉં, જીરૂ તથા બાગાયતી પાકો જેવા કે કેરી, ચીકુ, કેળા, પપૈયા ઉપરના સંશોધન પર વધુ ભાર મુકાયો છે. ઉત્પાદકતાની દ્રષ્ટિએ જોઇએ તો દિવેલા, તલ કે ડુંગળીમાં સૌરાષ્ટ્ર પ્રથમ સ્થાને છે જ્યારે મગફળી, ચીકુમાં બીજા સ્થાને છે. જાફરાબાદી ભેંસ અને ગીર ગાય ઓલાદની સુધારણા માટે રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષથી રૂા. ૧૭.૯૪ કરોડના અનુદાનનો બુલમધર ફાર્મ પ્રોજેકટ અમરેલી ખાતે શરૂ કરવામાં આવેલ છે.

કૃષિ યુનિવર્સિટીએ શિક્ષણ અને સંશોધનની સાથે કૃષિ વિસ્તરણને પણ અગ્રીમતા આપી. પ્રયોગશાળા અને ખેતરોમાં થતાં સંશોધનો ખેડૂતો સુધી પહોંચે તો જ તેના નિર્માણ પાછળ થયેલ ખર્ચ અને મહેનત લેખે ગઇ ગણાય. તેને ધ્યાને લઇ કૃષિ વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે નવી યોજનાઓ શરૂ કરાઇ. આજે વિસ્તરણ શિક્ષણ હેઠળ પાંચ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, સરદાર સ્મૃતિ કેન્દ્ર, ત્રણ એગ્રીકલ્ચરલ ટેકનોલોજી અને ઇન્ફર્મેશન સેન્ટર (એટીક), સેન્ટર ઓફ કોમ્યુનિકેશન નેટવર્ક તથા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી સેન્ટર કાર્યરત છે. તે ઉપરાંત બેકરી શાળા, માળી તાલીમ તથા પશુધન નિરીક્ષક તાલીમ જુનાગઢ ખાતે અને બે વર્ષનો કૃષિ ડિપ્લોમા અભ્યાસક્રમ હળવદ ખાતે ચાલે છે.

### કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો

મગફળી, ઘઉં, કપાસ, શાકભાજી, કઠોળ, ફળ સંશોધન કેન્દ્ર, પશુ ઉછેર કેન્દ્ર-જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૭૨૦૮૦ થી ૯૦

સૂકી ખેતી મુખ્ય સંશોધન કેન્દ્ર-તરઘડીયા
ફોન : ૦૨૮૧-૨૭૮૪૨૬૦

બાજરા મુખ્ય સંશોધન કેન્દ્ર-જામનગર
ફોન : ૦૨૮૮-૨૭૧૧૭૯૩

તેલીબિયાં મુખ્ય સંશોધન કેન્દ્ર-અમરેલી
ફોન : ૦૨૭૯૨-૨૨૨૨૪૭

ગોચર (ઘાસ) સંશોધન કેન્દ્ર-ધારી
ફોન : ૦૨૭૯૭-૨૨૧૧૧૭

કૃષિ (ફળ) સંશોધન કેન્દ્ર-મહુવા
ફોન : ૦૨૮૪૪-૨૨૨૫૯૧

ફળ સંશોધન કેન્દ્ર-માંગરોળ
ફોન : ૦૨૮૭૮-૨૨૨૧૨૭

તેલીબિયાં સંશોધન કેન્દ્ર-માણાવદર
ફોન : ૦૨૮૭૪-૨૨૧૫૩૮

સૂકી ખેતી સંશોધન કેન્દ્ર-વલ્લભીપુર
ફોન : ૦૨૮૪૧-૨૨૨૮૧૨

શેરડી સંશોધન કેન્દ્ર-કોડીનાર
ફોન : ૦૨૭૯૫-૨૨૧૪૭૩

સૂકી ખેતી સંશોધન કેન્દ્ર-જામખંભાળીયા
ફોન : ૦૨૮૩૩-૨૩૫૨૭૯

સૂકી ખેતી સંશોધન કેન્દ્ર-રાતીયા
ફોન : ૦૨૮૬-૨૨૨૪૧૬

મત્સ્ય સંશોધન કેન્દ્ર-ઓખા
ફોન : ૦૨૮૯૨-૨૬૨૦૫૬

મત્સ્ય સંશોધન કેન્દ્ર-સીકકા
ફોન : ૦૨૮૮-૨૩૪૪૧૨૨

સરદાર સ્મૃતિ કેન્દ્ર-જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૭૨૦૮૦

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અમરેલી
ફોન : ૦૨૭૯૨-૨૨૨૨૪૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-જામનગર
ફોન : ૦૨૮૮-૨૭૧૦૧૬૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડીયા
ફોન : ૦૨૮૧-૨૭૮૪૧૭૦

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-નાના કાંધાસર
ફોન : ૦૨૭૫૧-૨૯૪૧૨૦

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-ખાપટ
ફોન : ૦૨૮૬-૨૯૧૨૫૬૨



કૃષિ વિસ્તરણ શિક્ષણ માટે ચાલતી વિવિધ યોજનાઓને લીધે કૃષિ સંશોધનો ખૂબ ઝડપથી ખેડૂતો સુધી પહોંચતા થયા છે. સંશોધનની નવી ભલામણો ખેડૂતો સુધી ઝડપથી પહોંચે તે માટે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં કૃષિ વૈજ્ઞાનિકોએ સૌરાષ્ટ્રના ૪૬૬૦ ગામોની મુલાકાત લીધી. ગ્રામ મુલાકાત વખતે યોજાતી ગ્રામ સભામાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા અને વૈજ્ઞાનિકો પાસેથી ખેતીની અદ્યતન માહિતી મેળવી તેમના કૃષિ વિષયક પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું. આજ સુધીમાં લગભગ ૧૫ લાખ ખેડૂતોએ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો લાભ લીધો છે. આમ, ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા પ્રોત્સાહિત કરવામાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. કૃષિ વિસ્તરણ ક્ષેત્રે થયેલ નોંધપાત્ર કામગીરીને લીધે માત્ર વિવિધ પાકોનું ઉત્પાદન જ વધ્યું છે એવું નથી પરંતુ ગુણવત્તાભર્યુ ખેત ઉત્પાદન કરી સૌરાષ્ટ્રના ખેડૂતો તેમની ખેત પેદાશની બીજા રાજ્યોમાં તથા બીજા દેશમાં નિકાસ કરતા પણ થયા છે. આજે સૌરાષ્ટ્રના પપૈયા રાજસ્થાન, દિલ્હી અને હરિયાણા સુધી પહોંચ્યા છે. જ્યારે તાલાલાની કેસર કેરી લંડનની બજારમાં વેચાતી થઇ છે. આમ વિવિધ ખેત ઉત્પાદનની નિકાસમાં પણ ઉત્તરોતર વધારો થયો છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિકાસની સુવાસ માત્ર દેશના અન્ય રાજ્યો જ નહી પરંતુ અન્ય દેશો સુધી પહોંચી છે. આજે આ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખામાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ દક્ષિણ ભારતના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે એટલું જ નહી, પરંતુ અફઘાનિસ્તાન અને તાંઝાનીયાના સાત વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી રહ્યા છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની સુવાસ સાત સમંદર પાર સુધી ફેલાઇ તેને લીધે જ છેલ્લા ત્રણ વર્ષમાં આ યુનિવર્સિટીની ઇન્ડોનેશીયા, દક્ષિણ આફ્રિકા, ઇઝરાયેલ, તાન્ઝાનીયા અને સ્વીઝરલેન્ડના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી છે. એટલું જ નહી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં થતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઇ દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટી ઓફ વેન્ડાએ આ યુનિવર્સિટી સાથે કરારો કર્યા છે અને અન્ય કેટલાક દેશોએ કરારો કરવાની ઇચ્છા વ્યકત કરી છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા થતા વિવિધ કૃષિ સંશોધનની ઘેર બેઠા માહિતી મેળવતા ખેડૂતોમાં આજે અદ્દભૂત જાગૃતિ આવી છે. યુનિવર્સિટીના પ્રયત્નોને કારણે વૈજ્ઞાનિકો અને કૃષિકારો વચ્ચેનું અંતર ઘટ્યું છે. આજે ખેડૂતો ખેતર ઉભા ઉભા મોબાઇલથી વૈજ્ઞાનિકોનો સંપર્ક સાધી તેમની ખેતી વિષયક સમસ્યાનું નિરાકરણ મેળવતા થયા છે. એ જ બતાવે છે કે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખરા અર્થમાં કૃષિકારોનાં ઘરના દ્વાર સુધી પહોંચી છે. જેને લીધે સૌરાષ્ટ્રની કૃષિની કાયા પલટ થઇ છે અને કૃષિકારો સહિત સમગ્ર વિસ્તાર સમૃદ્ધિ પામ્યો છે.



*જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ટ્રાઇકોડર્મા હરજીયાનમ નામની ફુગ તૈયાર કરવામાં આવી છે. સંશોધન અને અખતરાના તારણ મુજબ તેનો ઉપયોગ જમીનજન્ય રોગો માટે વધુ અસરકારક છે. ટ્રાઇકોડર્મા ફુગનું કલ્ચર ૧.૫ કિલો/હેકટર અને ૩૦૦ કિલો દિવેલીનાં ખોળમાં બરાબર ભેળવીને અથવા સંપૂર્ણ સડી ગયેલા છાણીયાં ખાતરમાં ૨.૫ કિલો કલ્ચર મિશ્રણ કરી ૧ હેકટરમાં મગફળી વાવતી વખતે ચાસમાં આપવામાં આવે તો આ ફૂગનું નિયંત્રણ સારી રીતે થાય છે. તેમજ મગફળીના સુકારાના રોગને નિયંત્રિત કરે છે. આ ટ્રાઇકોડર્મા કલ્ચર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોના હિતાર્થે તૈયાર કરી સાવજ બ્રાન્ડથી ૧ કિલોના રૂા. ૭૦/- ના ભાવે આપવામાં આવે છે.*



*દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટી-વેન્ડાના ડીન એગ્રીકલ્ચર પ્રો. મચાઉની આગેવાની હેઠળનું એક પ્રતિનિધિ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની કામગીરીથી પ્રભાવિત થઇને ભાવવિભોર થઇ ગયું હતું. કૃષિ શિક્ષણ, સંશોધન અને માર્કેટીંગ વિશે વધુ જાણવા તેમજ પોતાના દેશમાં આ પ્રમાણે વ્યવસ્થા લાગુ કરવા માટે દક્ષિણ આફ્રિકાથી આવેલા પ્રતિનિધિ મંડળે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી સાથે ડિસેમ્બર-૨૦૧૦ માં કરાર કરેલ છે.*

*તાન્ઝાનીયાનાં બે ઉચ્ચ અધિકારીઓ તાજેતરમાં જ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા. ખાસ કરીને તેઓએ વેરાવળ ફિશરીઝ કોલેજમાં અપાતા શિક્ષણનો અભ્યાસ કર્યો હતો. મીનીસ્ટ્રી ઓફ લાઇવ સ્ટોક એન્ડ એન્વાયરોન્મેન્ટ અફેર્સના શ્રી મહમદનિગોડા અને શ્રી ખતીબ હસબએ અત્રે અપાતા શિક્ષણ અને સહકારથી સંતુષ્ટ થઇને ઉત્કૃષ્ટ શૈક્ષણિક વાતાવરણની પ્રશંસા કરી હતી.*

*ઉપરોક્ત મુલાકાતીઓએ વધુમાં જણાવ્યું હતું કે અમે પણ વધુને વધુ વિદ્યાર્થીઓને અહીં અભ્યાસ માટે મોકલવા ઇચ્છીએ છીએ. શિક્ષણ તેમજ મત્સ્ય અને પશુપાલન સહિતનાં કૃષિક્ષેત્રે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીએ કરેલા સંશોધનનો લાભ લેવા તાન્ઝાનીયા સરકાર પણ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી સાથે કરાર કરવા ઇચ્છે છે.*

*આ અગાઉ હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિવિધ પ્રોજેકટ અંગે સહયોગ કરનાર ઇઝરાયેલ હવે ગુજરાત સાથે પણ કૃષિ સંબંધ બાંધવા આતુર છે. આ માટે ઇઝરાયેલનાં કૃષિ તજજ્ઞો શ્રી ટ્વેન બર્જર અને શ્રી એજેન કોટ એ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લઇ અહિંના વૈજ્ઞાનિકો સાથે વૈચારિક આદાન પ્રદાન કર્યુ હતં. જેમાં ખાસ કરીને મગફળી, કેરી અને શાકભાજીના પાકો તેમજ ફુડ ટેસ્ટિંગ લેબોરેટરી, તેલીબીયાં સંશોધન કેન્દ્ર અને ગ્રીન હાઉસની મુલાકાત લઇ તેમાં ઊંડો રસ દાખવ્યો હતો.*



# નિષ્ઠા, પ્રમાણિકતા અને પુરૂષાર્થને વરેલા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ

## શ્રી ડૉ. એન.સી. પટેલ

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના બીજા કુલપતિ તરીકે કાર્ય કરી રહેલા ડૉ. નગીનભાઇ ચંદુભાઇ પટેલ બાળપણથી જ તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. વર્ષ ૧૯૫૬ માં જન્મેલા ડૉ. એન.સી. પટેલ એક ખેડૂત પુત્ર છે. શિક્ષણ પ્રત્યે પ્રથમથી જ તેમને ઉંડી લગન રહેલી. ઉદેપુર ખાતે પ્રથમ વર્ગમાં ૧૯૭૮ માં કૃષિ ઇજનેરીની ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી તેમણે દેશની શ્રેષ્ઠ ઇન્સ્ટીટયુટ ગણાતી ખડગપુરની ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં એમ.ટેક. અને પી.એચ.ડી. ની પદવીઓ હાંસલ કરી. પ્રારંભમાં વડોદરાની જયોતિ લીમીટેડ કંપનીમાં એગ્રીકલ્ચર એન્જીનીયર તરીકે કામ કર્યા પછી ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં ૧૯૮૬ માં તેઓ સહ પ્રાધ્યાપક તરીકે પસંદગી પામ્યા. વર્ષ ૧૯૯૪ માં ખૂબ જ નાની વયે તેઓ પ્રોફેસર તરીકે પણ પસંદ થયા અને જુનાગઢ ખાતે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજના પ્રિન્સીપાલ તરીકે તેમણે વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૯ સુધી કામ કર્યુ. તેમના નેતૃત્વ હેઠળ આ કોલેજ દેશની શ્રેષ્ઠ કોલેજોમાંની એક કોલેજ બની અને એ.આઇ.સી.ટી.ઇ. અને આઇ.સી.એ.આર.નું એક્રીડીટેશન પણ પ્રાપ્ત કર્યુ. આને લીધે કોલેજના વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થવા લાગ્યું.

તેજસ્વી કારકિર્દી અને કાર્ય પ્રત્યેની નિષ્ઠાની નોંધ લઇ રાજય સરકારે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના બીજા કુલપતિ તરીકે વર્ષ ૨૦૦૯ માં તેમની પસંદગી કરી. ખેતીની વાત શરૂ કરતા પહેલા અમે પણ તેમના અનુભવી સૂચનો મેળવ્યા હતા. ગત તા. ૨૩ મી ડિસેમ્બરે કિસાન દિવસના ઉપક્રમે અમે કૃષિક્ષેત્રની સેવા માટે સંકલ્પબદ્ધ નિષ્ઠાવાન અને સરળ સ્વભાવનાં કુલપતિશ્રી ડૉ. એન.સી. પટેલ સાહેબની મુલાકાત લીધી હતી.

આવો તેમને મળીને તેમના વિચારો જાણીએ...

**ખેતીની વાત :** બાળપણથી જ તેજસ્વી કારકિર્દી ધરાવતા હોવા છતાં કૃષિ ઇજનેરીનું શિક્ષણ આપે શા માટે પસંદ કર્યુ?

**કુલપતિશ્રી :** જન્મે હું ખેડૂત પુત્ર છું. પિતાશ્રી અને પરિવારે ખેતીમાં કઠોર પરિશ્રમ કર્યો છે. નાનો હતો ત્યારે હું પણ ખેતીકાર્યમાં મદદ કરતો તેથી ધરતી પુત્ર તરીકે ધરતીનું ઋણ ચુકવવાની પ્રથમથી જ ઇચ્છા હતી. વળી, મોટાભાગના લોકો જે રસ્તા તરફ જતા હોય તે રસ્તા તરફ જવા કરતા નવો ચીલો ચાતરવાની ઇચ્છા ધરાવતો હતો. જે કામ કરીએ તે બીજા કરતા નવી ભાત પાડનારૂં અને નવો રાહ ચીંધનારૂં હોવું જોઇએ. તેમ પ્રથમથી જ માનતો. તેથી કૃષિ ઇજનેરીનું શિક્ષણ લેવાનું પસંદ કર્યુ, જે-તે સમયે આ શિક્ષણ અભ્યાસક્રમ ગુજરાતમાં ઉપલબ્ધ ન હોવાથી સ્ટેટ નોમીની વિદ્યાર્થી તરીકે ઉદેપુર (રાજસ્થાન) ખાતે પ્રવેશ મેળવ્યો. જે અંગેની જાણકારી મારા મોટાભાઇ શ્રી મુળજીભાઇએ મેળવેલ અને તેમણે રાજસ્થાનમાં અભ્યાસ કરવા જવા માટે મને પ્રોત્સાહન આપેલ.

**ખેતીની વાત :** કુલપતિ તરીકે આપની નિમણૂંક થયા બાદ આજ સુધીમાં થયેલ કૃષિ યુનિવર્સિટીનાં નોંધપાત્ર કાર્યોની વાત કરશો?

**કુલપતિશ્રી :** શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના મુખ્ય ઉદ્દેશો સાથે અમારી કૃષિ યુનિવર્સિટી કામ કરે છે. વિદ્યાર્થીઓ અને ખેડૂતો એ બંનેને હું મારી નજર સમક્ષ રાખું છું. તેથી જ ગુણવત્તાભર્યુ શિક્ષણ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે તેવા પ્રયાસો કર્યા છે તે સાથે ખેડૂતો ખેતીની નવી તજજ્ઞતાથી વાકેફ થાય અને તેને અપનાવે તેવા પ્રયત્નો પણ કર્યા છે. નવી જાતો અને નવી ખેત પદ્ધતિઓ શોધવામાં કૃષિ યુનિવર્સિટીનું મહત્વનું યોગદાન છે. તેથી નવા સંશોધનો ખૂબજ ઝડપથી ખેડૂત સુધી પહોંચે તે જરૂરી છે. તેમાં રાજય સરકાર દ્વારા યોજાતા કૃષિ મહોત્સવથી આ કાર્યને નવું બળ મળ્યું. આજે ખેડૂતો અને વૈજ્ઞાનિકો વચ્ચે નજીકનો

નાતો સ્થપાયો છે અને રોજ અનેક ખેડૂતો તેમની ખેતી સમસ્યાઓનું નિરાકરણ ફોન દ્વારા કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી મેળવે છે. મહુવા ખાતે સ્માર્ટ ફાર્મિંગનો નવતર પ્રયોગ યુનિવર્સિટીએ કર્યો છે. યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયુ જ્ઞાન નથી આપ્યુ પરંતુ પ્રાયોગિક જ્ઞાનની સાથે નૈતિક મૂલ્યોનું પણ ઘડતર થાય તેવું શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ઉભી કરેલી શિક્ષણની અદ્યતન સુવિધા અને વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી જવલંત સફળતાની નોંધ આઇ.સી.એ.આર. અને વિકસિત દેશોમાં લેવાઇ છે. જેને લીધે અત્રેની કોલેજોમાં દેશના અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓની સાથે તાન્ઝાનીયા અને અફઘાનીસ્તાનના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરી રહ્યા છે એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓના સમગ્ર વ્યકિતત્વના વિકાસ માટે સફળ થયેલા મહાનુભાવો અને ચિંતકોના વ્યાખ્યાનો ગોઠવીયે છીએ અને આર્ટ ઓફ લિવીંગ સહિતની તાલીમ શિબિરો પણ યોજીએ છીએ. જેના ખુબ સારા પરિણામો મળેલ છે.

કૃષિ યુનિવર્સિટીને સાચા અર્થમાં ઇલેકટ્રોનીક યુગમાં લઇ જવામાં મહદઅંશે સફળતા મળી છે. આજે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની અનેકવિધ પ્રવૃતિમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરી કામગીરીને કાર્યદક્ષ અને ઝડપી બનાવી છે. ખેડૂતો તેમજ જાહેર જનતાને ઉપયોગી થાય તેથી કૃષિ યુનિવર્સિટીની બધી માહિતી વેબ સાઇટ www.jau.in પર મૂકેલ છે. કૃષિ સંશોધનોને વેગવંતા બનાવ્યા છે. વૈજ્ઞાનિકોની શોધ, કૃષિકારોની મહેનત, કુદરતની કૃપા અને રાજ્ય સરકારના કૃષિલક્ષી અભિગમને લીધે કેટલાય પાકોમાં ગુજરાત ઉત્પાદકતામાં દેશમાં અગ્રીમ સ્થાને છે. તેમાં પણ કેટલાક પાકોની ઉત્પાદકતામાં સૌરાષ્ટ્ર સમગ્ર દેશમાં આગવું સ્થાન ધરાવે છે.

**ખેતીની વાત :** સાહેબ, કૃષિ યુનિવર્સિટીને દેશની અગ્રીમ હરોળની બનાવવા માટેનાં આપના સ્વપ્ન શું છે?

**કુલપતિશ્રી :** રાજ્ય સરકારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીને ચાર કૃષિ યુનિવર્સિટીમાં વિભાજીત કર્યા પછી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ટૂંકાગાળામાં નોંધપાત્ર વિકાસ થયો છે. કૃષિ શિક્ષણને ગુણવત્તાભર્યુ બનાવવાની મારી નેમ છે. વિદ્યાર્થીઓને જો ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપીશું તો જ સારા કૃષિ વૈજ્ઞાનિકો અને શિક્ષકો આપણે દેશને ભેટ આપી શકીશું. તેથી કૃષિ સંશોધનોને સઘન બનાવવામાં કૃષિ શિક્ષણ ઉપર અમે વધુ ધ્યાન આપી રહ્યા છીએ. મુખ્ય પાકોના સંશોધનો ઉપર પણ વધુ ભાર મુકાયો છે. તે ઉપરાંત તેની ઉત્પાદકતા વધે તેવા પણ અમારા પ્રયાસો છે. જેથી ઓછી જમીનવાળા ખેડૂતો પણ વધુ સારૂ ઉત્પાદન મેળવી વધુ આવક પ્રાપ્ત કરી શકે. આગામી વર્ષોમાં બાયોટેકનોલોજી, પેશી સંવર્ધન, સુક્ષ્મ પિયત પદ્ધતિ અને નેટ હાઉસ તથા ગ્રીન હાઉસના વિકાસ ઉપર વધુ ધ્યાન આપવાનું અમારૂં આયોજન છે. કૃષિના સંશોધનો ખેડૂતોના દ્વાર સુધી ઝડપથી પહોંચે તે માટે ટેકનોલોજી ટ્રાન્સફરની પ્રક્રિયાને હજુ પણ ઝડપી બનાવવી છે અને આ માટે કૃષિ યુનિવર્સિટીમાં એગ્રીસ્નેટ સ્ટુડીયોને કાર્યાન્વિત કરી અને કોમ્યુનિટી રેડીયો સ્ટેશન સ્થાપવાની કાર્યવાહી હાથ ઉપર છે. આગામી દિવસોમાં ખેતીના વિવિધ કાર્યક્રમોનું કૃષિ યુનિવર્સિટી ખાતે જ નિર્માણ કરી તેનું પ્રસારણ કરવાની કાર્યવાહી થાય તેવા પ્રયત્નો કરાશે. કૃષિ યુનિવર્સિટી ખાતે માહિતી અને જ્ઞાનસભર મધ્યસ્થ સંગ્રહાલય બને તે માટે અમે પ્રયત્નશીલ છીએ. એ માટે કોઠાસુઝના વિજ્ઞાનની સાથે ખેતીના આધુનિક વિજ્ઞાનનો સમન્વય સાધી ઇલેકટ્રોનીક માધ્યમોનો ઉપયોગ કરી ઉચ્ચ કક્ષાનું શૈક્ષણિક મ્યુઝીયમ બનાવવાની અમારી નેમ છે. વધુમાં, ખેતી ખર્ચમાં ઘટાડો થાય તે માટે આધુનિક યંત્રો અને ખેત ઓજારો ખેડૂતો માટે વિકસાવી તેનું વિસ્તરણ ઝડપથી થાય તે જરૂરી છે. આ ઉપરાંત દરિયાકાંઠાની ક્ષારયુકત જમીનોમાંથી પણ વધુ કૃષિ ઉત્પાદન કેમ મેળવી શકાય તે માટે પણ સ્માર્ટ ફાર્મિંગના પ્રોજેકટ હેઠળ પણ સંશોધનો કરી તેનો લાભ ગુજરાત સહિત સમગ્ર દેશને મળે તેવું મારૂ સ્વપ્ન છે.

**ખેતીની વાત :** કુલપતિ તરીકે આપને અલગ-અલગ વિચારો ધરાવતા હજારો લોકો સાથે કામ લેવાનું હોય છે. આ કઇ રીતે કરો છો ?

કુલપતિશ્રી : જુઓ, હું ફ્રિડમમાં માનવા વાળો માણસ છું. મારી સાથે કામ કરતા દરેક લોકો પછી તે અધિકારી હોય, પ્રોફેસર હોય, સંશોધન વૈજ્ઞાનિક હોય કે અન્ય કોઇપણ કર્મચારી હોય તે તમામને યુનિવર્સિટીનાં નીતિનિયમોની મર્યાદામાં રહીને મુકત રીતે કાર્ય કરવાનો અવસર મળે છે. અમે સૌ સાથે મળીને કામ કરીએ છીએ. અહીં દરેકને સારા કાર્ય બદલ પ્રોત્સાહન આપવામાં આવે છે.



*વિક્રમ સંવત ૨૦૬૬ના નૂતન વર્ષારંભે તા. ૨૭-૧૦-૨૦૦૯ના રોજ યોજાયેલ સ્નેહમિલનમાં માનનીય કુલપતિ શ્રી ડો. એન.સી. પટેલ સાહેબે પોતાની સમગ્ર ટીમને કૃષિ અને કૃષિકારોની સેવા માટે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનો આ મુજબનો સંકલ્પ લેવડાવ્યો હતો.*

*હું સંકલ્પ કરૂ છું કે, મારી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીને શ્રેષ્ઠ યુનિવર્સિટી બનાવવા માટે હું મન, વચન અને કર્મથી પુરતો પ્રયાસ કરીશ. હું પ્રતિજ્ઞા લઉં છું કે, આ યુનિવર્સિટીની મારા ભાગે આવેલ કામગીરી હું નિષ્ઠાપૂર્વક, પૂર્ણ ત્વરાથી અને પ્રમાણિકપણે બજાવીશ, જેથી આ યુનિવર્સિટીની નામના સહુના સહિયારા પ્રયાસથી દેશમાં અને વિશ્વમાં ગુંજતી થાય. હું દ્રઢ નિર્ધાર કરૂં છું કે, આ યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની કામગીરીઓ ઉત્તમ રીતે થાય તેમાં મારૂં સક્રિય યોગદાન આપીશ. વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ અને ખેડૂતોને નવિનતમ કૃષિ ટેકનોલોજી મળે તેવા હૃદય પૂર્વકના સક્રિય પ્રયત્નો હાથ ધરીશ. મારા સાથી મિત્રમાં પણ કર્તવ્ય ભાવના જગાડીશ. હું સંકલ્પ કરૂં છું કે, આજે લીધેલા સંકલ્પને પરિપૂર્ણ કરીને જ જંપીશ.*



પરંતુ હા, શિસ્તનો પણ હું સખત આગ્રહી છું. સદનસીબે મને શિસ્તબદ્ધ અધિકારીઓ અને કર્મચારીઓ સાંપડયાં છે.

મેં અમારી ટીમને કહ્યું છે કે આપણે સૌએ એજ રીતે કામ કરવાનું છે કે જાણે આપણામાંનો તમામ વ્યકિત પોતેજ કુલપતિ હોય. હું દરેક સાથી કર્મચારી પર વિશ્વાસ મુકું છું અને એ દરેક લોકો મારા વિશ્વાસને જાળવે છે. વિદ્યાર્થીઓના એક તાલીમ સેમીનાર વખતે મારા પ્રવચનમાં મેં તમિલનાડુથી આવેલ અધિકારીઓને કહ્યું હતું કે આ સેમીનારનાં ફોટોગ્રાફ્સ આવતીકાલે સવારે ૧૦ વાગ્યા સુધીમાં આપને વેબસાઇટ પર જોવા મળશે અને સૌના આશ્ચર્ય વચ્ચે આ ફોટોગ્રાફ્સ સવારે ૮ વાગ્યેજ લોકોને જોવા મળી ગયા એ પણ આ અંગેની કોઈ અલગ સૂચના આપ્યા સિવાય. કહેવાનો મતલબ કે કોઈ નાની-મોટી વાત માટે મારે સીધા સૂચનો આપવા નથી પડતા. સૌ પોતપોતાની જવાબદારી સમજીને નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે અને તેથીજ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અગ્રીમ હરોળમાં છે.

**ખેતીની વાત :** મેં આપની દિનચર્યા જોઈ છે. આટલી વ્યસ્તતા વચ્ચે કામ કરવાની શકિત કયાંથી મેળવો છો?

**કુલપતિશ્રી :** જેમ મેં આગળ કહ્યું તેમ ખેડૂતો અને વિદ્યાર્થીઓ માટે સતત કામ કરવાની હાર્દિક મહેચ્છા, સિદ્ધાંતોને વળગીને-વાણી વર્તન એક સમાન રાખીને કામ કરૂં છું. આત્મવિશ્વાસ અને જેને આપણે કુદરત કે ઈશ્વર કહીએ છીએ તેની કૃપાથી સતત કામ કરવાની શકિત મળી રહે છે. મને ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા છે અને તેની પણ મારા પર અનંત મહેરબાની છે. કૃષિમંત્રી શ્રી દિલીપભાઇ સંઘાણી અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી પાસેથી પણ ખૂબજ પ્રેરણા અને માર્ગદર્શન મળતું રહે છે તેનો આનંદ છે.

**ખેતીની વાત :** 'ખેતીની વાત' ના વાચકો અને ગુજરાતનાં ખેડૂતો માટે આપનો સંદેશ.

**કુલપતિશ્રી :** 'ખેતીની વાત'નાં વાચકો અને ખેડૂત મિત્રો, આગામી સમયમાં ખેતીક્ષેત્રે વિપુલ તકો રહેલી છે. આ માટે જરૂરી છે કે દરેક ખેડૂત વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે. પાકની ફેરબદલી, ટપક સિંચાઇ પદ્ધતિ, જમીનની ફળદ્રુપતા ટકી રહે તે માટે સજીવ અને ઓર્ગેનીક ખેતી પદ્ધતિનો અમલ કરી તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મેળવી તેનો ચોકકસ લાભ લે. યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોનાં જ્ઞાનનો ઉપયોગ કરી ઓછા વાવેતર વિસ્તારમાં વધુ ઉપજ અને ફાયદો મેળવે જેથી તેમની પોતાની આવક વધે અને છેવટે રાજય અને રાષ્ટ્રનું કુલ ઉત્પાદન વધતાં સહુની સમૃદ્ધિમાં વધારો થાય.

ખેડૂત મિત્રો, આવતો સમય ટેકનોલોજીનો સમય બની રહેવાનો છે. ત્યારે, ગ્રીનહાઉસ, બાયો ફર્ટીલાઇઝર, બાયો પેસ્ટીસાઇડસ વિગેરે વિશેની જાણકારી તેમજ અમલ આપને લાભકર્તા સાબીત થશે. મારી તો એક એવી કલ્પના છે કે જેમ દુધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ ચાલે છે તેવી જ રીતે ગ્રામ્યસ્તરે ખેતપેદાશોની પ્રોસેસીંગ કરતી ખેડૂતોની સહકારી મંડળીઓ બને જે આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ધારા ધોરણોને અનુસરીને ખેતઉત્પાદનોને પ્રોસેસ કરી બજારમાં મૂકે. જેથી ખેડૂતો અને ગ્રાહકો બંનેને ફાયદો થાય. આજે સ્થિતિ એવી છે કે બજારમાં જે વસ્તુ ગ્રાહકને ૮ રૂપિયે કિલો મળે છે તેના માટે ખેડૂતને માત્ર બે રૂપિયા જ ચૂકવવામાં આવે છે. જો ખેડૂતો સંગઠીત ધોરણે સહકારી મંડળીઓ દ્વારા પોતાનો માલ પ્રોસેસ કરીને બજારમાં મૂકે તો એજ વસ્તુ ગ્રાહકને ૬ રૂપિયામાં મળે તેમજ ખેડૂતને તેના માટે ૫ રૂપિયા મળે.

આ ઉપરાંત, ખેતી અંગેના ખેડૂતોના કોઈપણ પ્રકારનાં પ્રશ્નો કે માર્ગદર્શન માટે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હરદમ હાજર છે. અમારા કૃષિ વૈજ્ઞાનિકોના આ જ્ઞાનભંડારનો ભરપૂર લાભ લેવા માટે મારી સૌ ખેડૂત મિત્રોને નમ્ર વિનંતી છે.

**ખેતીની વાત :** 'ખેતીની વાત' માસિક વિશે આપનો અભિપ્રાય.

**કુલપતિશ્રી :** 'ખેતીની વાત' માસિકનાં આવવાથી કૃષિ સાહિત્યમાં જબરદસ્ત બદલાવ આવ્યો છે. આપણાં 'ખેતીની વાત' માસિકે ખેડૂતોને વાંચતા કર્યા છે અને સાથોસાથ અન્ય કૃષિ પ્રકાશનોને પરિવર્તન લાવવા માટે મજબૂર કર્યા છે. કૃષિ સંલગ્ન સાહિત્ય જગત માટે 'ખેતીની વાત' પથદર્શક બન્યુ છે એમ કહું તો ખોટું નથી.

જોકે હજુ પણ આ કૃષિ સાહિત્યનાં ક્ષેત્રમાં ઘણું ખેડાણ બાકી છે. વધુને વધુ લોકો કૃષિ વૈજ્ઞાનિકોનાં જ્ઞાનનો, કૃષિ સાહિત્યનો લાભ લે તે ઈચ્છનીય છે. આપને તથા સમગ્ર 'ખેતીની વાત' ટીમને ઉમદા પ્રકાશન અને કૃષિસેવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન અને શુભકામનાઓ...

**મુલાકાત લેનાર** - નરેન્દ્ર વાઘેલા

भाकृअनुप
ICAR

- *દિવેલા સંશોધન કેન્દ્રને ૨૦૦૯-૧૦ નો 'બેસ્ટ કેસ્ટર રીસર્ચ સેન્ટર' નો એવોર્ડ આઇ.સી.એ.આર. દ્વારા મળેલ છે. આ ઉપરાંત અલગ અલગ ક્ષેત્રોમાં યુનિવર્સિટી ફેકલ્ટી સહિતનાને ૧૪ થી વધારે એવોર્ડ સન્માન મળ્યા છે.*
- *જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જામનગરને 'એ.આઇ.સી.આર.પી. બેસ્ટ રીસર્ચ ટીમ' તરીકે ૨૦૧૦ નો 'રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ' આપવામાં આવેલ છે.*
- *શિક્ષણ અને સંશોધન સંલગ્ન બાબતો અંગે ૨૨ સંસ્થાઓ સાથે MOU (કરાર) થી જોડાણ.*
- *યુનિવર્સિટી દ્વારા દિવાલો ઉપર ૨૫૦ થી વધુ કૃષિવિષયક સૂત્રો અને ચિંતનાત્મક સૂત્રોનું લખાણ કરાયું છે.*